# ગુજરાત જાહેર સેવા આયોગ

સેક્ટર–૧૦–એ, “છ–૩” સર્કલ પાસે, “છ” રોડ, ગાંધીનગર–૩૮૨૦૧૦
ફોન નં– (૦૭૯) ૨૩૨ ૫૮૯૮૦ Web Site: https://gpsc.gujarat.gov.in

## અગત્યની જાહેરાત

- SCA – 15866 of 2018 અને SCA – 15867 of 2018 સબંધમાં આયોગની તા. ૧૬/૧૦/૨૦૧૮ ના રોજની જાહેરાત અન્વયે જે ઉમેદવારોએ જીપીએસસીની ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ–૨ ની (જાહેરાત ક્રમાંક:૪૦/૨૦૧૮-૧૯) અરજી રૂબરૂમાં આવીને (ઓફલાઈન) કન્ફર્મ કરેલ છે, તેવા ઉમેદવારોની તા.૨૧/૧૦/૨૦૧૮ના રોજ યોજાનાર પ્રાથમિક કસોટીની બેઠક વ્યવસ્થા નીચે દર્શાવેલ સ્થળે રાખવામાં આવેલ છે.

**ગુજરાત જાહેર સેવા આયોગ,**
**પાંચમો માળ આયોગ ભવન, “છ” –રોડ ,”છ-૩” સર્કલ પાસે,**
**સેક્ટર–૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.**

- ઉમેદવારે પોતાની સાથે પાસપોર્ટ સાઈઝના ૦૩ ફોટોગ્રાફ તથા ઓરીજનલ ફોટો આઈડી પ્રુફ તથા તેની એક ઝેરોક્ષ નકલ સાથે લાવવાની રહેશે.
- ઉમેદવારે તા. ૨૧/૧૦/૨૦૧૮ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે ઉપર મુજબના સ્થળે અચૂક આવવાનું રહેશે.
- ઉમેદવારોએ પરીક્ષા સબંધી સૂચનાઓ આ સાથે મૂકેલ પરિશિષ્ટ-૧ અને ૨ અચૂક ડાઉનલોડ કરી વાંચવાની રહેશે.
- આ સાથે ઉમેદવારોની બેઠક વ્યવસ્થા નીચે દર્શાવ્યા મુજબ છે, જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લઈ સમયસર ઉપરોકત કેંન્દ્ર પર પરીક્ષા માટે ઉપસ્થિત રહેવું.
- ઉમેદવારોને પ્રવેશપત્ર તેઓનાં ઈ-મેલ આઈ.ડી. પર મોકલવામાં આવશે. જો ઉમેદવાર ઈ-મેલ થી પ્રવેશ પત્ર ડાઉનલોડ ના કરી શકે તો તેઓ આયોગની કચેરી થી રૂબરૂમાં મેળવી શકે છે.

GUJARAT PUBLIC SERVICE COMMISSION

SEATING ARRANGEMENT OF CANDIDATES FOR ADVT. NO. 40/2018-19, GUJARAT ADMINISTRATIVE SERVICE,CL-1, GUJARAT CIVIL SERVICES,CL-1-2 AND GUJARAT MUNICIPAL CHIEF OFFICER SERVICE, CL-2, AT GPSC BHAVAN, GANDHINAGAR

| SSNO | Roll No | Name | Block No |
|---|---|---|---|
| 1 | 133299664 | Mrs. USHA RAJIV CHOKSI CHOKSI | 1 |
| 2 | 133299665 | Mr. KHUMANSINH BHAVSANGBHAI MORI | 1 |
| 3 | 133299666 | Mr. SANDEEPKUMAR AMRUTBHAI PATEL | 1 |
| 4 | 133299667 | Ms. Binny Ramsingbhai Patel | 1 |
| 5 | 133299668 | Mr. Vishalkumar Bhupendrabhai Kumar | 1 |
| 6 | 133299669 | Ms. PANKTI DINESHBHAI PRAJAPATI | 1 |
| 7 | 133299670 | Ms. JIGISHABEN KAHAJIBHAI MACHHAR | 1 |
| 8 | 133299671 | Mr. HARSHADKUMAR GANESHBHAI MAYAVANSHI | 1 |
| 9 | 133299672 | Mr. GOVINDBHAI ARAJANBHAI CHAUDHARY | 1 |
| 10 | 133299673 | Mr. SANKET SHASHIKANT KATARGAMIYA | 1 |
| 11 | 133299674 | Mr. ASHOKBHAI JANUBHAI BIRARI | 1 |
| 12 | 133299675 | Mr. SHAILESHKUMAR GEBABHAI CHAUDHARY | 1 |
| 13 | 133299676 | Mrs. PRATIBHA ZINABHAI MAHLA | 1 |
| 14 | 133299677 | Mr. JIGNESHKUMAR SUMANBHAI PATEL | 1 |
| 15 | 133299678 | Mr. ASHOKKUMAR MANABHAI VANKAR | 1 |
| 16 | 133299679 | Mr. PRAKASHCHANDRA FULJIBHAI CHAUDHARI | 1 |
| 17 | 133299680 | Mr. RAJESHKUMAR MANILAL PATEL | 1 |
| 18 | 133299681 | Mr. KISHOR PITHABHAI PARMAR | 1 |
| 19 | 133299682 | Mrs. POOJA KASHYAPBHAI RAMANUJ | 1 |
| 20 | 133299683 | Mr. UMESHKUMAR BHARATBHAI GAMIT | 1 |
| 21 | 133299684 | Mr. VAMUBHAI PITHABHAI AAHIR | 1 |
| 22 | 133299685 | Mr. JAYESHBHAI KISHORDAS AGRAVAT | 1 |
| 23 | 133299686 | Mr. PARESHKUMAR DAHYABHAI PATEL | 1 |
| 24 | 133299687 | Mr. JAGDISHKUMAR AJAYKUMAR SONI | 1 |
| 25 | 133299688 | Ms. DIPIKA PURANSINH VASAVA | 2 |
| 26 | 133299689 | Ms. DHARA BHARATKUMAR SHRIMALI | 2 |
| 27 | 133299690 | Mr. PUNIT JAGDISHCHANDRA PANCHAL | 2 |
| 28 | 133299691 | Ms. AARTI KALUBHAI BHIL | 2 |
| 29 | 133299692 | Mr. AMITKUMAR AMBALAL PRAJAPATI | 2 |
| 30 | 133299693 | Dr. RAJANKUMAR JASHVANTLAL CHAUHAN | 2 |
| 31 | 133299694 | Mr. NITINKUMAR VAGHAJIBHAI CHAUDHARY | 2 |
| 32 | 133299695 | Mr. ABDUL AIYUBBHAI SHAIKH | 2 |
| 33 | 133299696 | Ms. MALVIKA DINESHBHAI TAVADIA | 2 |
| 34 | 133299697 | Mr. NILESHKUMAR BHARATBHAI DINDOR | 2 |
| 35 | 133299698 | Mr. PAVANKUMAR ASHOKBHAI PANCHAL | 2 |
| 36 | 133299699 | Mr. PRAGNESHKUMAR RUPSINHBHAI BHAGORA | 2 |
| 37 | 133299700 | Mr. DIGVIJAYSINH SURESHKUMAR MAKWANA | 2 |
| 38 | 133299701 | Mr. HIMMATBHAI KANJIBHAI BAVLIYA | 2 |
| 39 | 133299702 | Mr. HARSHADSINH CHEHABHAI VADHER | 2 |
| 40 | 133299703 | Mr. PRAVINKUMAR LALLUBHAI GAMETI | 2 |
| 41 | 133299704 | Dr. KIRTIKUMARI PARSING BARIA | 2 |
| 42 | 133299705 | Mr. ARVINDKUMAR BHIKHABHAI CHAUDHARI | 2 |
| 43 | 133299706 | Mrs. ALKA HARSH KAPADIA | 2 |
| 44 | 133299707 | Mr. XETRAPALSINH DINESHBHAI ZANKAT | 2 |
| 45 | 133299708 | Mr. ANKIT RAMESHKUMAR CHAUHAN | 2 |
| 46 | 133299709 | Ms. SHREYA KISHORKUMAR ANAND | 2 |
| 47 | 133299710 | Mr. KAUSHIKBHAI DIPAKBHAI GARASIA | 2 |
| 48 | 133299711 | Mr. VARUNKUMAR MANUBHAI PARMAR | 2 |

GUJARAT PUBLIC SERVICE COMMISSION

SEATING ARRANGEMENT OF CANDIDATES FOR ADVT. NO. 40/2018-19, GUJARAT ADMINISTRATIVE SERVICE,CL-1, GUJARAT CIVIL SERVICES,CL-1-2 AND GUJARAT MUNICIPAL CHIEF OFFICER SERVICE, CL-2, AT GPSC BHAVAN, GANDHINAGAR

| SSNO | Roll No | Name | Block No |
|---|---|---|---|
| 49 | 133299712 | Mr. NARESH JIVABHAI KERIYA | 3 |
| 50 | 133299713 | Mr. NIKULKUMAR LAKHABHAI SANGA | 3 |
| 51 | 133299714 | Mr. CHIRAGKUMAR KASUBHAI MUNIYA | 3 |
| 52 | 133299715 | Mr. NIMESHKUMAR AMRUTLAL PATEL | 3 |
| 53 | 133299716 | Mr. VIVEK PRAVINKUMAR BHEDA | 3 |
| 54 | 133299717 | Mr. BHAVIN KISHORBHAI SONGARA | 3 |
| 55 | 133299718 | Ms. KOMAL MANGALAM | 3 |
| 56 | 133299719 | Mr. RAHULKUMAR SURESHBHAI BHUREYA | 3 |
| 57 | 133299720 | Mr. JAYKUMAR GANESHBHAI CHAUDHARY | 3 |
| 58 | 133299721 | Mr. PRANAV GANPATLAL GAUDHAVIYA | 3 |
| 59 | 133299722 | Mr. PARAGBHAI VIRAMBHAI CHAUDHARI | 3 |
| 60 | 133299723 | Mr. GANESHJI JERUPAJI CHAUDHARY | 3 |
| 61 | 133299724 | Mr. MAYURBHAI RAMJIBHAI CHAUDHARI | 3 |
| 62 | 133299725 | Mr. PRIYAKANT MANILAL SOLANKI | 3 |
| 63 | 133299726 | Mr. YASHKUMAR JAYANTILAL VANIYA | 3 |
| 64 | 133299727 | Ms. MITTALBEN DHIRUBHAI FANEJA | 3 |
| 65 | 133299728 | Mr. ARJUNKUMAR ATMARAM BALAT | 3 |
| 66 | 133299729 | Mr. PRAKASHKUMAR PARSINGBHAI RATHVA | 3 |
| 67 | 133299730 | Ms. SMITA RAMSHIROMANI YADAV | 3 |
| 68 | 133299731 | Mrs. PAULOMI MITULBHAI CHAUDHARI | 3 |
| 69 | 133299732 | Mr. MAHESHKUMAR MAFATLAL DESAI | 3 |
| 70 | 133299733 | Mr. HITESH VIRAMBHAI DESAI | 3 |
| 71 | 133299734 | Mr. RITESH ISHWARBHAI DESAI | 3 |
| 72 | 133299735 | Mr. Ritik Mangalam | 3 |
| 73 | 133299736 | Mr. RONAKKUMAR KANJIBHAI CHAUDHARI | 4 |
| 74 | 133299737 | Mr. BHARATKUMAR MANABHAI CHAUDHARY | 4 |
| 75 | 133299738 | Mr. AKSHAY DHIRUBHAI FANEJA | 4 |
| 76 | 133299739 | Mr. Virambhai Laxmanbhai Aahir | 4 |
| 77 | 133299740 | Mr. SHAMBHUBHAI LAKSHMANSANG THAKOR | 4 |
| 78 | 133299741 | Mr. NIRAVKUMAR JYOTISHBHAI CHAUDHARI | 4 |
| 79 | 133299742 | Mr. HITESHKUMAR MAGANLAL BHAGORA | 4 |
| 80 | 133299743 | Mr. MAHIMNA ACHARYA | 4 |
| 81 | 133299744 | Mr. SAMEERKUMAR GOVINDBHAI SHAH | 4 |
| 82 | 133299745 | Mrs. AVANI ANIKET ASODIYA | 4 |
| 83 | 133299746 | Mr. GAUTAM HEMUBHAI AASUNDRA | 4 |
| 84 | 133299747 | Mr. MAHESH ANANDBHAI BALDANIYA | 4 |
| 85 | 133299748 | Ms. REKHA RAMBHAI MODHAVADIYA | 4 |
| 86 | 133299749 | Mr. KIRANKUMAR JAGDISHBHAI GAMIT | 4 |
| 87 | 133299750 | Mr. YOGESHKUMAR NAGAJIBHAI PATEL | 4 |
| 88 | 133299751 | Mr. VIJAYSINH RANCHHODSINH MAKWANA | 4 |
| 89 | 133299752 | Mr. MANISHBHAI LUMBHABHAI BALDANIYA | 4 |
| 90 | 133299753 | Ms. ANKITABEN ARVINDBHAI CHAUDHARI | 4 |
| 91 | 133299754 | Mr. NIRAV NAVINBHAI CHAUDHARY | 4 |
| 92 | 133299755 | Ms. RINKUBEN MANUBHAI MOBH | 4 |
| 93 | 133299756 | Mr. DARSHANKUMAR HIRABHAI VAGHELA | 4 |
| 94 | 133299757 | Ms. HEMANGIBEN MAHENDRAKUMAR DAMOR | 4 |
| 95 | 133299758 | Mr. DEEP BHUPESH RAHUL | 4 |
| 96 | 133299759 | Mr. AMARKUMAR SUNILKUMAR CHAUHAN | 4 |

GUJARAT PUBLIC SERVICE COMMISSION

SEATING ARRANGEMENT OF CANDIDATES FOR ADVT. NO. 40/2018-19, GUJARAT ADMINISTRATIVE SERVICE,CL-1, GUJARAT CIVIL SERVICES,CL-1-2 AND GUJARAT MUNICIPAL CHIEF OFFICER SERVICE, CL-2, AT GPSC BHAVAN, GANDHINAGAR

| SSNO | Roll No | Name | Block No |
|---|---|---|---|
| 97 | 133299760 | Mr. VIJAYBHAI BHIKHABHAI KALSARIYA | 5 |
| 98 | 133299761 | Mr. MITESH SURESHBHAI DHARWADIA | 5 |
| 99 | 133299762 | Ms. PRIYAMKABEN BHAGABHAI SELOT | 5 |
| 100 | 133299763 | Ms. MANITABEN PARSINGBHAI RATHVA | 5 |
| 101 | 133299764 | Ms. KINJALBEN DANABHAI CHAUDHARY | 5 |
| 102 | 133299765 | Ms. JYOTIKA SHANKARBHAI KATARA | 5 |
| 103 | 133299766 | Mr. JAYESH MUKESHBHAI HELAIYA | 5 |
| 104 | 133299767 | Mr. NITINKUMAR HARIBHAI ZINZALA | 5 |
| 105 | 133299768 | Mr. NARESHBHAI RAMJIBHAI NAKUM | 5 |
| 106 | 133299769 | Ms. VARSHABEN JAGUBHAI MORI | 5 |
| 107 | 133299770 | Mr. MAHAMMADAZIZ DILAVARKHAN DAIYA | 5 |
| 108 | 133299771 | Ms. VARSHA SUBHASHBHAI CHAVDA | 5 |
| 109 | 133299772 | Ms. ASHABAHEN MANJIBHAI NINAMA | 5 |
| 110 | 133299773 | Mr. NITINKUMAR JAGUBHAI CHAUDHARI | 5 |
| 111 | 133299774 | Mr. MILANKUMAR HARISHBHAI BALAT | 5 |
| 112 | 133299775 | Mr. DILAVARSINH NARSING KACHHELA | 5 |
| 113 | 133299776 | Mr. JIGNESHBHAI ABHABHAI ZINZALA | 5 |
| 114 | 133299777 | Mr. PRAVINKUMAR SOMAJI MALI | 5 |
| 115 | 133299778 | Dr. MANSI HARESHBHAI HIRPARA | 5 |
| 116 | 133299779 | Mr. VATSAL CHAMPAKBHAI CHAUDHARI | 5 |
| 117 | 133299780 | Mr. ROHITKUMAR JALABHAI DESAI | 5 |
| 118 | 133299781 | Mr. JIGAR VINODBHAI PRAJAPATI | 5 |
| 119 | 133299782 | Mr. SAHDEVSINH BALVANTSINH MASANI | 5 |
| 120 | 133299783 | Mr. HARESHBHAI SAVJIBHAI CHAUDHARI | 5 |
| 121 | 133299784 | Mr. HIMMATSINH HARISINH JADAV | 6 |
| 122 | 133299785 | Mr. NITINKUMAR JAVSINGHBHAI BHURIA | 6 |
| 123 | 133299786 | Mr. ALPESHKUMAR RAYMALBHAI CHAUDHARY | 6 |
| 124 | 133299787 | Mr. MAYUR BHARATBHAI MAKHELA | 6 |
| 125 | 133299788 | Mr. JAYDEEPKUMAR KIRITBHAI CHAUDHARI | 6 |
| 126 | 133299789 | Mr. KISHANBHAI MOHANBHAI DABHI | 6 |
| 127 | 133299790 | Mr. SACHINKUMAR DALJIBHAI PATEL | 6 |
| 128 | 133299791 | Ms. AMI MADANSINH CHAUHAN | 6 |
| 129 | 133299792 | Ms. ANSUYA MAHESHKUMAR SHARMA | 6 |
| 130 | 133299793 | Mr. KASHYAPKUMAR PRAKASHBHAI CHAUDHARY | 6 |
| 131 | 133299794 | Mr. BRIJESH ARVINDBHAI GAMETI | 6 |
| 132 | 133299795 | Ms. NISHA ARVINDBHAI VAISHNAV | 6 |
| 133 | 133299796 | Mr. MITULKUMAR LALJIBHAI CHAUDHARI | 6 |
| 134 | 133299797 | Mr. HIMANSHU VAGHJIBHAI RATHOD | 6 |
| 135 | 133299798 | Mr. PRAKASHKUMAR JEHABHAI CHAUDHARI | 6 |
| 136 | 133299799 | Mr. HITESH HAMABHAI PATELIYA | 6 |
| 137 | 133299800 | Mr. SANKET ARUNBHAI KATARIYA | 6 |
| 138 | 133299801 | Mr. VIMAL MAHESHBHAI KACHA | 6 |
| 139 | 133299802 | Mr. SAGAR LAGHARBHAI DABHI | 6 |
| 140 | 133299803 | Mr. SHUBHAM MAHADEVBHAI HERMA | 6 |
| 141 | 133299804 | Mr. ASHISHKUMAR SURESHBHAI PATEL | 6 |
| 142 | 133299805 | Mr. MILAN HASMUKHBHAI MAHETA | 6 |
| 143 | 133299806 | Mr. AKASH ASHOKBHAI VAGHELA | 6 |
| 144 | 133299807 | Mr. URVESH RAMESHBHAI BHOYA | 6 |

**GUJARAT PUBLIC SERVICE COMMISSION**

**SEATING ARRANGEMENT OF CANDIDATES FOR ADVT. NO. 40/2018-19, GUJARAT ADMINISTRATIVE SERVICE,CL-1, GUJARAT CIVIL SERVICES,CL-1-2 AND GUJARAT MUNICIPAL CHIEF OFFICER SERVICE, CL-2, AT GPSC BHAVAN, GANDHINAGAR**

| SSNO | Roll No | Name | Block No |
|---|---|---|---|
| 145 | 133299808 | Mr. JITENDRAKUMAR RAJESHBHAI PADHIYAR | 7 |
| 146 | 133299809 | Mr. SANJAYBHAI GOVINDBHAI CHAVDA | 7 |
| 147 | 133299810 | Ms. ARCHANABEN GOVINDBHAI OZA | 7 |
| 148 | 133299811 | Ms. PINKALBEN PRABHATBHAI RABARI | 7 |
| 149 | 133299812 | Ms. ANNU DAYANAND PATEL | 7 |
| 150 | 133299813 | Mr. RAJKUMAR BHAVSINHBHAI ZALA | 7 |
| 151 | 133299814 | Ms. VAISHNAVI ASHOKBHAI RANGPARIA | 7 |
| 152 | 133299815 | Ms. PRIYANKA GAURAV CHAUHAN | 7 |

# ગુજરાત જાહેર સેવા આયોગ (Annexure-G2)

ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ અને ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને ૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ ની જગ્યાઓ પર ભરતી (જાહેરાત ક્રમાંક:૪૦/૨૦૧૮-૧૯) ની પ્રિલિમિનરી પરીક્ષામાં ઉપસ્થિત રહેતી વખતે ધ્યાનમાં રાખવા અંગેની ઉમેદવારોને સૂચનાઓ

## પરિશિષ્ટ-૧

ઉમેદવારોએ પ્રવેશપત્ર સાથે, "ઉમેદવારો માટેની માર્ગદર્શક સૂચનાઓ" (પરિશિષ્ટ-૨) તથા જવાબવહીનો નમૂનો પણ https://ojas-gpsc.gujarat.gov.in પરથી ડાઉનલોડ કરી લેવાનો રહેશે.

૧. આયોગ દ્વારા પ્રસિધ્ધ થયેલ મૂળ જાહેરાતની જોગવાઈ મુજબ તા.૩૧/૦૭/૨૦૧૮ ના રોજ ઉમેદવાર નિયત વય તથા શૈક્ષણિક લાયકાત ધરાવે છે તે શરતે જ ઉમેદવારને તદ્દન કામચલાઉ ધોરણે ઉમેદવારના અરજીપત્રકની ચકાસણી કર્યા સિવાય ઉમેદવારની પોતાની જવાબદારી ઉપર પ્રિલિમિનરી પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવે છે. જો કોઈપણ તબક્કે આયોગને એમ જણાશે કે, ઉમેદવાર ભરતી નિયમો, પરીક્ષા નિયમો તથા જાહેરાતની જોગવાઇઓ મુજબ, ઉંમર, શૈક્ષણિક લાયકાત કે શારીરિક અશક્ત અંગેની કે અન્ય જોગવાઈઓ/શરતો સંતોષતા નથી, તો ઉમેદવારનો પ્રિલિમિનરી પરીક્ષાનો પ્રવેશ રદ ગણાશે.

૨. આ પ્રિલિમિનરી પરીક્ષામાં આયોગે નિયત કરેલ લાયકી ગુણ મેળવનાર અને જાહેરાતની સંબંધિત બધી જ જોગવાઈ સંતોષતા ઉમેદવારોને જ મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે પસંદ કરવામાં આવશે તેની ઉમેદવારે નોંધ લેવા વિનંતી છે. આખરી પસંદગી સમયે પ્રિલિમિનરી પરીક્ષામાં મેળવેલ ગુણને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. પ્રિલિમિનરી પરીક્ષા એ screening test પ્રકારની પરીક્ષા છે.

૩. પરીક્ષા શરુ થયા બાદ કોઈપણ સંજોગોમાં ઉમેદવારને પ્રવેશ આપવામાં આવશે નહીં.

૪.પરીક્ષાની જવાબવહીમાં આપનું નામ, રોલ નંબર,પરીક્ષાનું નામ વગેરે વિગતો ભરવાની થાય છે આ અંગેની કામગીરી પરીક્ષા શરૂ થાય તે પહેલાં પૂર્ણ થઇ જાય તે હેતુથી આપે ૩૦ મિનિટ પહેલાં પરીક્ષા ખંડમાં ઉપસ્થિત થઇને આપનું સ્થાન ગ્રહણ કરી લેવું.

૫. ઉમેદવારે પોતાના ખર્ચે પરીક્ષામાં ઉપસ્થિત થવાનું રહેશે.

૬. પરીક્ષાના પૂરા સમય દરમિયાન પરીક્ષા ખંડ છોડી શકાશે નહીં.

૭. અંધ ઉમેદવારને જે લહિયો મળવાપાત્ર છે તે વ્યક્તિ , કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી અથવા તેનાથી નીચેની શૈક્ષણિક લાયકાત ધરાવતી હોવી જોઈએ. અંધ ઉમેદવારે જે લહિયો રાખવાનો હોય તેની સંપૂર્ણ વિગત-(૧) નામ (૨) સરનામુ (૩) શૈક્ષણિક લાયકાતની પ્રમાણિત ઝેરોક્ષ (૪)ઉમેદવાર પોતે લખવા માટે અસમર્થ હોવા અંગે સિવિલ સર્જન /આર.એમ.ઓ. દ્વારા અપાયેલ તબીબી પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ (૫) જે કેન્દ્ર ઉપર ઉપસ્થિત રહેવાનું છે તે કેન્દ્રનું નામ , ફાળવવામાં આવેલ બેઠક ક્રમાંકની વિગતો આ સાથેના નમૂનામાં (નમૂનો ડાઉનલોડ કરવાનો રહેશે.) આયોગને તા.૧૪/૧૦/૨૦૧૮ સુધીમાં અચૂક આપવાની રહેશે. (૬) આયોગ દ્વારા આ નમૂનો પ્રમાણિત કરીને ઉમેદવારને પરત કરવામાં આવશે જે ઉમેદવારે પરીક્ષાખંડમાં ઇન્વીજીલેટરને આપવાનો રહેશે. (૭) લહિયાની સુવિધા મેળવનાર ઉમેદવારોને દર કલાક દીઠ ૨૦ મિનીટનો વળતર સમય મળવા પાત્ર રહેશે.

૮. જવાબવહીમાં જવાબ લખવા માટે ભૂરી/કાળી શાહીની (Blue/Black ink) બોલપેન જ વાપરવાની રહેશે.

૯.પરીક્ષા ખંડમાં ઉમેદવારે પ્રવેશ પત્ર સિવાય કોઈ વસ્તુ જેવી કે નોંધો, નોટ, કેલક્યુલેટર, પુસ્તક, ગાણિતિક સાધનો કે કોષ્ટકો, વગેરે લાવવા નહીં. જો હોય તો તે આપના જોખમે પરીક્ષા ખંડની બહાર મુકી દેવા.

૧૦. પરીક્ષા ખંડમાં મોબાઇલ, પેજર, કેલક્યુલેટર કે અન્ય પ્રકારના ઇલેક્ટ્રોનિક સાધનો લઇ જવા પર પ્રતિબંધ છે. જો કોઇ ઉમેદવાર આવા સાધનો સાથે પકડાશે તો, તુરંત જ તેમનું લખવાનું બંધ કરાવવામાં આવશે અને ઉત્તરવહી તથા પ્રશ્નપત્ર ઉમેદવાર પાસેથી પરત લઇ લેવામાં આવશે અને તે અંગેનું લેખિત નિવેદન ઉમેદવારે આપવાનું રહેશે અને તેઓને નીચેની સૂચના-૧૩-I-(૯)માં નિર્દિષ્ટ શિક્ષાઓ પૈકી કોઇ એક અથવા વધુ શિક્ષા થઈ શકશે જેની ઉમેદવારે નોંધ લેવા વિનંતી છે. આવા ઉમેદવારને પરીક્ષાનો સમય પૂર્ણ થાય ત્યાં સુધી પરીક્ષા ખંડની બહાર જવાની મંજૂરી આપવામાં આવશે નહી.

૧૧. ઉમેદવાર દ્વારા જવાબવહીમાં જો રોલ નંબર/પ્રશ્ન પુસ્તિકા સીરીઝ કે પ્રશ્ન પુસ્તિકા નંબર ખોટા લખવામાં આવશે કે ખોટા એનકોડ (Encode) કરવામાં આવશે તો આવી ક્ષતિયુક્ત જવાબવહી ઓટોમેટીક મશીન / રીડર દ્વારા જો તપાસી નહિ શકાય તો તેની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે.

૧૨. પ્રિલિમિનરી પરીક્ષામાં પ્રત્યેક ખોટા જવાબના કિસ્સાઓમાં જે તે જવાબના નિશ્ચિત ગુણના ૦.૩ ગુણ, ઉમેદવારે મેળવેલ ગુણમાંથી કાપવામાં આવશે એટલે કે ખોટા જવાબો માટે નેગેટીવ ગુણની બાબત ઉમેદવારે ધ્યાને રાખવી.

૧૩. ઉમેદવારોએ નીચેની સૂચના તથા આ સાથે રાખવામાં આવેલ પરિશિષ્ટ–૨ની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચવી, જેના ભંગ બદલ આયોગ ઉમેદવારની વિરૂધ્ધ યોગ્ય તે કાર્યવાહી કરશે:–

A. ઉમેદવારે પ્રવેશપત્ર ડાઉનલોડ કરી પરીક્ષાના સમયે અચૂક સાથે લાવવો. તે સિવાય પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહીં.

B. પ્રશ્નોના જવાબો સિવાય કોઇપણ અસંગત વિગતો, ટીકા વગેરે જવાબવહી/પ્રશ્નપુસ્તિકામાં લખવી નહીં.

C. જવાબવહી / OMR SHEET માં પોતાની ઓળખ છતી થાય તેવાં કોઈપણ પ્રકારના સૂત્રો, ચિહનો, પ્રતિકો વગેરે લખવા કે દોરવા નહીં.

D. પરીક્ષાનો સમય પૂરો થયા પછી ઉમેદવારે જવાબ લખવાનું ચાલુ રાખવું નહિ.

E. પરીક્ષાખંડમાં શાંતિ જાળવવાની રહેશે તેમજ વાતચીત કરવાની સંપૂર્ણ મનાઇ છે.

F. પરીક્ષા સમય દરમિયાન ઉમેદવારને સુપરવાઇઝર/ઇન્વીજીલેટર તરફથી જે સૂચનાઓ આપવામાં આવે તેનું ચૂસ્તપાલન કરવાનું રહેશે. જો ઉમેદવાર તેમ નહિ કરે કે અઘટિત અથવા અનુચિત આચરણ કરશે તો તેઓને પરીક્ષાખંડમાંથી ઉઠાડી મૂકવામાં આવશે તેમજ, આયોગને યોગ્ય જણાય તે મુજબ અન્ય શિક્ષાને પાત્ર પણ તેઓ ઠરશે, જેની નોંધ લેવી.

G. પરીક્ષાર્થી તરીકે આપને કોઇ ફરિયાદ હોય તો તે લેખિતમાં આયોગના સચિવશ્રીને મોકલવી.

H. પરીક્ષાખંડમાંથી બહાર નીકળ્યા બાદ પરીક્ષાખંડની આજુબાજુ ઉભા રહેવું નહિ કે ફરવું નહિ.

I. ચેતવણીઓ:-

(૧) કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે આયોગના અધ્યક્ષશ્રી, સભ્યશ્રી અથવા કોઇ અધિકારી/કર્મચારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે, અથવા

(૨) બીજાનું નામ ધારણ કરવા માટે, અથવા બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે, અથવા

(૩) બનાવટી દસ્તાવેજો અથવા દસ્તાવેજો સાથે ચેડા કરવામાં આવ્યાં હોય તેવા દસ્તાવેજો સાદર કરવા માટે અથવા

(૪) ખોટા નિવેદનો કરવા માટે અથવા મહત્વની માહિતી છૂપાવતા હોય તેવા નિવેદન કરવા માટે, અથવા

(૫) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે, અથવા

(૬) પરીક્ષા દરમિયાન ગેરરીતિઓનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની જવાબવહીમાંથી નકલ કરવાનો કે કરવા દેવાનો, પુસ્તક,ગાઇડ, કાપલી, કે તેવા કોઇપણ છાપેલાં કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવાની કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે કે મોબાઇલ ફોનનો ઉપયોગ કરવા માટે, અથવા મોબાઇલ ફોન કે અન્ય કોઈ કોમ્યુનિકેશન device ચાલુ હાલતમાં કે સ્વીચ્ડ ઓફ મોડમાં પણ સાથે રાખવા માટે, અથવા

(૭) પરીક્ષાખંડમાં ધૂમ્રપાન, અશાંતિ કે ધાંધલ કરવા માટે, અથવા અન્ય કોઇ રીતે ગેરવર્તણૂક કરવા માટે, અથવા

(૮) પરીક્ષા માટે આયોગે નિમેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે, અથવા

(૯) યથા પ્રસંગે ઉપર દર્શાવેલ (૧) થી (૮) ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઇપણ કાર્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા મદદગારી કરવા માટે અથવા દોષિત ઠરાવે અથવા ઠરાવ્યા હોય તે ઉમેદવાર સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે. તે ઉપરાંત

(a) આયોગ તેઓ જે પરીક્ષાના ઉમેદવાર હોય તે પરીક્ષામાં તેમને ગેરલાયક ઠરાવી શકશે.

(b) આયોગ ધ્વારા ઉમેદવારોની પસંદગી માટે યોજવામાં આવતી તેવી કોઇપણ રૂબરૂ મુલાકાત (ઇન્ટરવ્યુ) માટે કાયમ અથવા અમુક સમય માટે બાકાત રાખશે, ગેરલાયક ઠરાવશે.

(c) આયોગ પોતે લીધેલી કોઇ પરીક્ષા અથવા કરેલી કોઇ પસંદગીમાંથી અને રાજ્ય સરકાર પોતાની નીચેની કોઇ નોકરી માટે કાયમ અથવા અમુક મુદ્દત માટે બાકાત કરી શકશે.

(d) જો તે સરકારી નોકરીમાં હોય, તો સમુચિત નિયમો હેઠળ શિસ્તભંગના પગલાં લઇ શકશે.

(૧૦) ઉપરોક્ત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષાઓ કરતાં પહેલા આયોગ ધ્વારા / સરકાર ધ્વારા ઉમેદવારને – કર્મચારીને,

(૧) આરોપનામામાં તેમના સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસોનો પ્રકાર,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું , હકીકત રજૂ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમયમર્યાદામાં રૂબરૂ રજૂઆત કરવાની તક આપવામાં આવશે.

## પરિશિષ્ટ-૨

(ક) હેતુલક્ષી પરીક્ષા :

આ પરીક્ષાનું પ્રશ્નપત્ર હેતુલક્ષી પ્રકારનું રહેશે. જેનું માધ્યમ જાહેરાત ક્રમાંક : ૪૦ / ૧૮-૧૯ માં દર્શાવ્યા મુજબ ગુજરાતી અને અંગ્રેજી રહેશે. આ પ્રકારની પરીક્ષામાં આપે વર્ણનાત્મક જવાબો લખવાના રહેશે નહિ પરંતુ દરેક પ્રશ્ન માટે ૫ (પાંચ ) સૂચિત જવાબો આપવામાં આવેલ હશે, જેમાંથી દરેક પ્રશ્ન માટે આપે એક જવાબ પસંદ કરવાનો રહેશે. આ વિવરણનો હેતુ આપને પરીક્ષાના પ્રશ્નપત્રના માળખાથી વાકેફ કરવાનો છે. જેથી આવી જાણકારીના અભાવે આપને કંઇ સહન કરવાનું ન આવે કે કોઇ મુશ્કેલી ન પડે.

(ખ) પ્રશ્નપત્રનું સ્વરૂપ :

પ્રશ્નપત્ર પ્રશ્નપુસ્તિકાના સ્વરૂપનું હશે, જેમાં આપવામાં આવેલ દરેક પ્રશ્નની નીચે A, B, C, D & E ચિન્હ સામે સૂચિત જવાબ આપવામાં આવેલ હશે. આપે ચાર જવાબો પૈકી, એક સાચો જવાબ પસંદ કરવાનો રહેશે. ( ઉદાહરણ રૂપે નીચે આપવામાં આવેલ નમૂનારૂપ પ્રશ્ન ધ્યાનપૂર્વક જોવા વિનંતી છે.) જો આપ એક થી વધુ જવાબ પસંદ કરશો તો તેવા જવાબ રદ ગણી તેના ગુણ આપવામાં આવશે નહીં. જો આપ જવાબ આપવા અસક્ષમ હોવ તો E વિકલ્પ ના વર્તુળ પર ભૂરી/કાળી શાહીની બોલપેનથી પૂરેપૂરું ડાર્ક કરવું. જો તેમ કરવામાં નહિ આવે તો પણ જવાબ ખોટો ગણી નેગેટીવ ગુણ માટે ધ્યાને લેવા માં આવશે.

ઉદાહરણ :- ભારતનું ક્યુ રાજ્ય સૌથી લાંબો દરિયા કિનારો ધરાવે છે ?

(A) મહારાષ્ટ્ર (B) તામીલનાડુ (C) ગુજરાત (D) આંધ્રપ્રદેશ (E) એક પણ નહી

ઉપર્યુક્ત ઉદાહરણમાં સાચો જવાબ (C) ગુજરાત છે. આથી ઉમેદવારે જવાબવહીમાં 'C' નું વર્તુળ ભૂરી/કાળી શાહીની બોલપેનથી પૂરેપૂરું ડાર્ક કરવું. ઉમેદવારે જવાબમાં 'ગુજરાત' લખવું નહિ. જો એકથી વધુ જવાબ આપશો તો તે જવાબ રદ ગણી તેના ગુણ આપવામાં આવશે નહિ. આથી આ બાબતે ખાસ કાળજી રાખવી /ચીવટ રાખવી.

(ગ) જવાબ આપવાની પદ્ધતિ :

પરીક્ષા ખંડમાં આપને અલગથી જવાબવહી આપવામાં આવશે. આપે આપના જવાબ આ જવાબવહીમાં લખવાના રહેશે. જવાબવહી સિવાય, અલગ લખેલા જવાબ તપાસવામાં આવશે નહિ. પ્રશ્નપત્ર-૧ અને પ્રશ્નપત્ર-૨ માં ૨૦૦ પ્રશ્નો રહેશે, જેનો ગુણભાર ૧ પ્રશ્નદીઠ – ૧ ગુણ તેમ રહેશે. દરેક પ્રશ્નની સામે A, B, C , D & E ચિહ્નવાળા વર્તુળ આપવામાં આવેલ હશે. પ્રશ્નપુસ્તિકાનો પ્રશ્ન વાંચીને, તેનો સાચો જવાબ શોધીને આપે જવાબવહીમાં તે જ પ્રશ્ન સામેના વર્તુળને નીચે દર્શાવ્યા મુજબ પુરી રીતે ( દા.ત. આપનો જવાબ 'C' હોયતો) ભુરી / કાળી શાહીની બોલ પેનથી ભરી દેવાનું રહેશે.




નોંધ :- ઉપરનું ઉદાહરણ ઉમેદવારોને માર્ગદર્શન મળે તે માટે આપવામાં આવેલ છે. જે અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને આપેલ નથી તેની ખાસ નોંધ લેવી.

એ મહત્વનું છે કે :-

(૧) જવાબવહીના ઉપયોગ સમયે તે વળે નહિ, કરચલીઓ પડે નહિ કે ફાટી ન જાય તેની કાળજી રાખવી.

(૨) પ્રશ્નપુસ્તિકાની સીરીઝ ( A, B, C, D, E, F, G અને H ) જમણી બાજુના ખુણા પર આપેલ છે, આપે તે સીરીઝ જવાબવહીની પાછળના ભાગમાં ભૂરી /કાળી શાહીની બોલ પેનથી આપેલ વર્તુળમાં એનકોડ કરવી અને ચોરસ ખાનામાં સીરીઝ લખવી.

(૩) ઓએમઆર (OMR) શીટમાં જવાબ સુનિશ્ચિત કર્યા બાદ જ વર્તુળમાં બોલ પેનથી ડાર્ક કરવું. વર્તુળ ડાર્ક કરવામાં થોડુ પણ રહી જશે તો શક્ય છે કે ઓપ્ટીકલ માર્ક રીડર તેની નોંધ લેશે નહિ/ તેને વાંચી શકાશે નહિ. આથી ઉમેદવાર જે જવાબને સાચા ગણતા હોય તે જવાબવાળા વર્તુળને પૂરેપૂરું ડાર્ક કરવાનું યાદ રાખવું અને વર્તુળનો કોઇ ભાગ ડાર્ક કરવાનો સ્હેજ પણ રહી ન જાય તે ખાસ ધ્યાન રાખવું. આ પ્રમાણે પૂરેપૂરું વર્તુળ ડાર્ક ન કરવાને કારણે કોઇ પ્રશ્ન ઓટોમેટિક મશીન/રીડર દ્વારા નોંધ લેવામાં આવશે નહીં, તે માટેની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે. આ બાબતે આયોગની કોઇ જવાબદારી રહેશે નહી. એકથી વધુ વર્તુળને ડાર્ક કરવામાં આવ્યા હશે તે જવાબને ખોટો ગણવામાં આવશે.

(૪) એકવાર ડાર્ક કરેલ વર્તુળને/જવાબને,ત્યારબાદ બદલી શકાશે નહિ. આથી શાંતિથી અને પૂરેપૂરી વિચારણા કર્યા બાદ જવાબ આપવો /વર્તુળ ડાર્ક કરવું.

(૫) નોંધ/ચેતવણી : ઉમેદવારોના ધ્યાને ખાસ લાવવામાં આવે છે કે અમૂક ઉમેદવારો પોતાના રોલ નંબર, પ્રશ્ન પુસ્તિકાની સીરીઝ કે તેના જેવી અગત્યની બાબતોમાં ખોટું એનકોડીંગ કરે છે/અધુરૂ એનકોડીંગ કરે છે જેના કારણે તેમની ઉમેદવારી રદ થાય છે. આપના કિસ્સામાં આવું ન બને તે માટે પૂરતી કાળજી રાખવી. ઉમેદવાર દ્વારા વિગતો ભરવામાં થયેલ ક્ષતિ બાબતે ત્યારબાદ આયોગ દ્વારા કોઈપણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિં. તેવી જ રીતે OMR Answer Sheet માં નિર્દિષ્ટ જગ્યાએ બોકસમાં ઉમેદવારે પોતાની સહી કરવી અનિવાર્ય છે. જે પરત્વે પણ જો સહી કરશે નહિ તો પાછળથી રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

(ઘ) કેટલીક મહત્વની જોગવાઇઓ :

૧.  પરીક્ષાની જવાબવહીમાં આપનો રોલ નંબર, જન્મ તારીખ, પરીક્ષાનું નામ વગેરે વિગતો ભરવાની થાય છે. આથી પરીક્ષા શરૂ થવાના ૩૦ મિનિટ પહેલાં આપે પરીક્ષાખંડમાં ઉપસ્થિત થઇને આપનું સ્થાન ગ્રહણ કરી લેવું.
૨.  પરીક્ષા શરૂ થયા પછી કોઇપણ સંજોગોમાં ઉમેદવારને પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહિ.
૩.  પરીક્ષામાં પ્રવેશ માટે પ્રવેશપત્ર લાવવાનો રહેશે.
૪.  પરીક્ષાના પૂરા સમય દરમિયાન પરીક્ષા ખંડ છોડવાની પરવાનગી મળશે નહિ.
૫.  પરીક્ષા પૂરી થયા બાદ, જવાબવહી ઇન્વીજીલેટર પાસે જમા કરાવવાની રહેશે. પ્રશ્નપુસ્તિકા ઉમેદવારે લઇ જવાની રહેશે.
૬.  આપે જવાબવહીમાં બંને ભાગની વિગતો ફક્ત ભૂરી / કાળી શાહીની બોલ પેનથી લખવાની છે. પેન્સિલનો ઉપયોગ કરવો નહિં.
૭.  પ્રશ્નપુસ્તિકા પર આપેલ સૂચનાઓ આપે કાળજીપૂર્વક વાંચવી અને તેનું ચોક્કસપણે પાલન કરવું.
૮.  રફ પેપર, ડ્રોઇંગના સાધનો કે ગાણિતિક સાધનો, કેલ્ક્યુલેટર, મોબાઇલ કે અન્ય કોઈ કોમ્યુનિકેશન device લાવવા નહિ.
૯.  રફકામ પ્રશ્નપુસ્તિકાની કોરી જગ્યાએ કરવું. રફકામ માટે અલગ કાગળ આપવામાં આવશે નહિ.

(ચ)  વિશેષ સૂચનાઓ :

પરીક્ષાખંડમાં આપને ઇન્વીજીલેટર ધ્વારા જવાબવહી આપવામાં આવશે. જવાબવહી પર નંબર છપાયેલ છે કે કેમ તેની ખાતરી કરવી. જો નંબર વગરની જવાબવહી હોય તો તુરંત જ ઇન્વીજીલેટર પાસેથી બદલાવી લેવી. જવાબવહી પર માંગેલ માહિતી ભૂરી/કાળી શાહીની બોલ પેનથી ભરવી. ઇન્વીજીલેટરે જવાબવહી પર ટૂંકી સહી કરવાની છે, ઇન્વીજીલેટરે સહિ કરેલ છે કે નહિ તેની ખાતરી કરી લેવી. જો સહી ન હોય તો તેની જાણ ઇન્વીજીલેટરને વહેલી તકે કરીને સહી મેળવી લેવી ઇન્વીજીલેટરની સહી વિનાની જવાબવહી આયોગ માન્ય ગણશે નહિ. જવાબવહીમાં સંબંધિત ખાનામાં ઉમેદવારે પોતાની સહી કરવાની છે. ઉમેદવારની  સહી વગરની જવાબવહી પરત્વે પાછળથી કોઈ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં. પરીક્ષા ખંડમાં ઇન્વીજીલેટર તરફથી આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રશ્નપુસ્તિકા મળ્યેથી તેના પર A, B, C, D, E, F, G or H લખેલ છે કે કેમ તેમજ પ્રશ્નપુસ્તિકા પર નંબર લખાયેલ છે કે કેમ તેમજ તેના બધા પાનાઓ છપાયેલ છે કે કેમ તેની ખાતરી કરવી. જો તેમ ન જણાય તો તે બદલાવી લેવી. જ્યાં સુધી ઇન્વીજીલેટર પ્રશ્નપુસ્તિકા ખોલવાનું ન કહે ત્યાં સુધી તે ખોલવી નહિ અને તેના પરની સૂચનાઓ શાંતિથી વાંચવી. પ્રશ્નપુસ્તિકા પર આપેલ ખાનામાં બોલ પેનથી ' બેઠક નંબર ' લખવો. જવાબવહી પર પ્રશ્નપુસ્તિકાની સીરીઝ આપેલ ખાનામાં લખવી અને તેની નીચે ભૂરી અથવા કાળી શાહીની બોલ પેનથી એનકોડ કરવી.

(છ)  પરીક્ષાનું સમાપન :ઇન્વીજીલેટર દ્રારા લખવાનું બંધ કરવાનું જણાવવામાં આવે કે તુરંત જ આપે લખવાનું બંધ કરવું. જ્યાં સુધી ઇન્વીજીલેટર આપની પાસે આવીને જવાબવહી પરત ન લે અને આપને પરીક્ષાખંડ છોડવાની પરવાનગી ન આપે ત્યાં સુધી આપે આપની જગ્યા પર શાંતિથી બેસવું.

(જ)

| ક્રમ | પરીક્ષાના બેલનો સમય | પેપર-૧ |
|---|---|---|
| ૧ | ઉમેદવારોને પ્રવેશ – લાંબો બેલ | ૧૦-૩૦ |
| ૨ | પ્રશ્નપત્રની વહેંચણી- એક ટકોરો | ૧૦-૫૫ |
| ૩ | પરીક્ષા શરૂ – બે ટકોરા | ૧૧-૦૦ |
| ૪ | એક કલાક પૂરો – બે ટકોરા | ૧૨-૦૦ |
| ૫ | વૉર્નીંગ બેલ – બે ટકોરા | ૧૨-૫૦ |
| ૬ | પરીક્ષા પૂરી  – લાંબો બેલ | ૦૧-૦૦ |

| ક્રમ | પરીક્ષાના બેલનો સમય | પેપર-૨ |
|---|---|---|
| ૧ | ઉમેદવારોને પ્રવેશ – લાંબો બેલ | ૦૨:૩૦ |
| ૨ | પ્રશ્નપત્રની વહેંચણી- એક ટકોરો | ૦૨:૫૫ |
| ૩ | પરીક્ષા શરૂ – બે ટકોરા | ૦૩:૦૦ |
| ૪ | એક  કલાક પૂરો – બે ટકોરા | ૦૪:૦૦ |
| ૫ | વૉર્નીંગ બેલ – બે ટકોરા | ૦૪:૫૦ |
| ૬ | પરીક્ષા પૂરી  – લાંબો બેલ | ૦૫:૦૦ |

(ઝ) આ પરીક્ષામાં લગભગ તમામ કેન્દ્રો પર CCTV કેમેરાનો ઉપયોગ કરવામાં આવનાર છે. CCTV કેમેરાના વીડીયો રેકોર્ડીંગના આધારે કોઇ ઉમેદવારે કોઈપણ પ્રકારની પરિશિષ્ટ-૧ ની સૂચના ક્રમાંક ૧૩ માં દર્શાવેલ ગેરરીતિ કરવાનું સાબિત થશે તો તે સૂચનામાં દર્શાવ્યા મુજબ શિક્ષાને પાત્ર ઠરશે જેની ઉમેદવારોએ નોંધ લેવી.